# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૨૬ • તા.૭ ઓગસ્ટ થી ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## સવંત્સરી ના મહા પર્વ પર
## મન, વચન અને કાયાથી આપ સહુને

# મિચ્છામિ દુક્કડમ્



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
Michami Dukadam
Happy Ganesh Chaturthi
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# ક્ષમા વીરસ્ય ભૂષણમ્

આપણા દેશમાં તહેવારોની ભરમાર છે. વિવિધ ધર્મના, વિવિધ દિવસોના, વિવિધ દેવોની સાથે જોડાયેલા પર્વ, તહેવાર પ્રસંગો ઉત્સવો સતત આવતા રહે છે. દરેક પર્વનો પોતાનો આગવો મહિમા છે, મહાત્મય છે. જૈન ધર્મનો આવો એક મોટો પર્વ એટલે પર્યુષણ પર્વ. આમાં ભૌતિક આકર્ષણ નહિં પણ આત્માની સાધના અને આત્માના ત્યાગ તપ સાથે જોડાયેલ પર્વ છે. ભલે એ જૈન ધર્મનો મહાઉત્સવ છે. પણ એક સાર્વભૌમ પર્વ છે. જે સૌને અંતરમાં ઊતરીને યર્થાથતાના દર્શન કરવાનો અવસર આપે છે. માનવ માત્ર માટે આ એક એવું પર્વ છે જેમાં પોતાના આત્માની ઉપાસના કરવામાં આવે છે. એટલે જ આ અંતર મનના ભાવ ઉલેચવાનો, તેમાં ઊંડા ઝાંખીને જોવાનો અવસર આપે છે.

સમસ્ત જૈન સમાજનું આ એક મહાકુંભ પર્વ છે. જે ૩૬૪ દિવસ વિત્યા પછી આવે છે. જૈન ધર્મના દરેક ફિરકા પર્યુષણ પર્વના આઠ દિવસનું મહત્વ સમજીને તેનું આત્મ તત્વ જાળવી આઠ દિવસ સુધી જાગૃત થઈ તપ અને સાધનામાં રત થઈ જાય છે. આ પર્વ ત્યાગ, તપ, ઉપવાસ, પૌષધ, સામાયિક, સ્વાધ્યાય, સંયમ, પ્રતિક્રમણ અને ધર્મ ઉપાસના કરી પોતાના આત્મબળની સાથે શારિરીક ક્ષમતાને જાણે એરણે ચડાવી ચકાસે છે.

પર્યુષણ પર્વના ઝૂમખામાંનો છેલ્લો દિવસ સંવત્સરીનો દિવસ. આ દિવસ આખા વર્ષમાં મન, કર્મ, વચન, કાયાથી કરેલા, જાણતા-અજાણતા થયેલા પાપોનો ક્ષય કરવાનો દિવસ. વિશુધ્ધ ભાવથી નિર્મળ મન, અંતરથી, સદ્‌ભાવથી, બોલતા, ચાલતા કોઈ ને કંઈ કહેવા ગયું હોય, કોઈના દિલને દુભાવ્યું હોય, કોઈની લાગણીને ઠેસ પહોંચાડી હોય તો ખરા મનથી ક્ષમા માંગવી, શુધ્ધ આત્માભાવ ધરાવી, અહંમ ઓગાળી, મોટપ ત્યાગી પદ-માન મોભાને વિસરીને અંતરનું શુધ્ધિકરણ કરી ઉદાર ભાવથી સૌની ક્ષમા માંગવી એ મહાન દિવસ એટલે સંવત્સરી. તનને રોજે રોજ સ્નાન કરી સ્વચ્છ રાખીએ છીએ પણ મન આત્માને શુભ અને શુધ્ધ કરી સકલ નિર્મળ કરવાનો એક માત્ર દિવસ એટલે સંવત્સરી પર્વ.

ભગવાન મહાવીરે કહ્યું છે મિતિ મે સવ્વ ભૂએસુ, વેર મેજઝણ કેણઈ અર્થાત બધા જીવ-પ્રાણીઓ સાથે મારી મૈત્રી છે. કોઈ સાથે વેર-અટંસ નથી. આ જ જ્ઞાન બોધની આખા વિશ્વને જરૂરત છે. અહિંસા અને મૈત્રી દ્વારા જ શાંતિ-સુખ મળી શકે છે. વર્તમાન સમયે માત્ર સમાજ, દેશ માટે જ નહીં. સમગ્ર વિશ્વ માટે વેર-વિખવાદ, હિંસા-આતંકવાદ, દ્વેષ, ભ્રષ્ટાચાર ભોગવાદનું દૂષણ વ્યાપી ગયું છે. ત્યારે સમતા રાખી ક્ષમા ભાવ ધરવો ઉચિત ઉપાય છે. પુણ્યનું પોષણ અને પાપનું શોષણ કરવાને પર્વાધિરાજ પર્યુષણના મન-કર્મના તપ, જપ, આરાધના પછી વિશ્વના તમામ જીવો સાથે વેર ભાવનું વિસર્જન કરી સામી વ્યક્તિના દુર્ગુણો, ભૂલોને ઉદારતાથી ભૂલી આપણી પોતાની ભૂલોનું ખરા હૃદયથી એકરાર કરી બે હાથ, મન અને મસ્તક ઝૂકાવી મિચ્છામિ દુક્કડમ્ કહીએ. સૌને મિચ્છામિ દુક્કડમ્.

– જય જ્ઞાતિ મૈયા

# મનદુઃખના પોટલાં વિસર્જન કરવાનો પર્વ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

પર્યુષણ મહાપર્વમાં તપ આરાધનાથી કાયા ને ભાવ નિર્મળ શુધ્ધ થાય પણ અંતકરણ શુધ્ધ થાય મનમાં વળેલી ગાંઠોને છોડવાથી. મેલા ભાવથી કોઈને વેરી બનાવ્યો હોય, કટુ વચનોથી કોઈનું દિલ દુભાવ્યો હોય એ સર્વેની સમક્ષ શુધ્ધ ભાવે જઈ સામે ચાલીને ક્ષમા માંગી લેવી જેથી મન અંતરનો બોજ હલકો થાય.

જેની સાથે સંબંધ હોય તેની સાથે વ્યવહાર દરમ્યાન ખટાશ આવે, વેરભાવ થાય પણ અજાણ્યા સાથે, જેને આપણે જાણતા નથી તેની સાથેના સંબંધો ખરાબ ન થાય. તો પછી જે આપણાં પોતાના છે તેની પ્રત્યે કટાણું મોઢું ક્યાં સુધી કરવું. કોઈ સામેથી આવે તે પહેલાં પહેલ કરીને તેને ખમાવવું એ સાહસ છે, નિડર ભાવ છે. રાગ-દ્વેષ, પૂર્વગ્રહ અને વેરઝેરના પોટલાં જે બાંધી રાખ્યા છે તેનું વિસર્જન કરીએ અને પ્રેમ-સ્નેહ, મિત્રતા અને મહોબ્બતનો સેતુ બાંધીએ.

પશ્ચાતાપ એ ભૂલનું કબૂલાત નામું છે. જ્યારે પ્રાયશ્ચિત ભૂલ ન થાય એની પ્રતિજ્ઞા છે. બીજીવાર એ ભૂલ થાય ને પ્રતિજ્ઞા તૂટે એ ન થાય એ માટે સજાગતા રાખવી જોઈએ. જાત દ્વારા થયેલ ભૂલને સુધારવું આસાન છે પણ જાતને સુધારવી કઠિન છે. અન્ય સાથે સંબંધ અને વહેવાર બાંધવાની જવાબદારી સામેવાળા કરતાં આપણા પર વધુ હોય છે.. સામેવાળો સુધરે એના કરતાં આપણે પોતે સુધરીએ એ મહત્વનું છે. સંબંધો સરળતાથી વહે એ માટે જવાબદારી સામેવાળા પર ન નાંખી દેવાય. સંબંધો ટકાવવાની જવાબદારી આપણે સજાગપણે નિભાવીએ. બગડેલા, અટકી ગયેલા, ખોરંભાયેલાને વિખરાયેલા સંબંધોને જોડીએ, સશક્ત કરીને સંવારીએ તેનું પહેલું સોપાન એટલે ક્ષમાપના પર્વ.

જાણે અજાણે આવેગ કે આવેશમાં, દ્રશ્ય, અદ્રશ્ય ભાવ વિચાર, મન, વચન, કાયાને કર્મથી દુભાવ્યા હોય તો અંતકરણપૂર્વક ક્ષમા યાચના. સૌને મિચ્છામિ દુક્કડમ્.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન
## ભુજ-કચ્છ.

મારા દ્વારા મન વચન કાયા થી  જાણતા કે અજાણતા ભૂલચૂક થઈ હોય  તો

## અંતઃકરણ પૂર્વક

# ॥ મિચ્છામિ દુક્કડમ્ ॥



## પ્રબોધ એચ. મુનવર

પ્રમુખ

**શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન ભુજ-કચ્છ.**


ઉપપ્રમુખ - દિલીપ આર. મોતા ● ઉપપ્રમુખ - નીલેશ એસ. મોમાયા

● મંત્રી - હીરાચંદ એલ. છેડા ● સહમંત્રી - હરીશ એસ. લોડાયા ● ખજાનચી - મહેન્દ્ર પી. લોડાયા

● સલાહકાર સભ્ય : શ્રી પ્રીતિબેન ડી. મોમાયા તથા સર્વે કારોબારી સભ્યો અને ભુજ મહાજનશ્રીના સર્વે સભ્યો

# મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં આબાલ વૃદ્ધો દ્વારા ઉગ્ર તપ આરાધનાઓ થઈ

પર્યુષણ મહાપર્વ પ્રસંગે ઠેર ઠેર દેશ દેશાવર માં વિવિધ નગર સંઘ મહાજનો માં અદ્ભૂત તપસ્યાઓ થઈ છે. જે ખરેખર અનુમોદનીય છે. અમારી પાસે આવેલ વ્યકિતગત તેમજ વિવિધ મહાજનો સંઘ દ્વારા મળેલ તપસ્વીઓની યાદી માં ૮ ઉપવાસ કરેલ તપસ્વીઓની નામાવલી અને ૯ ઉપવાસ કે તેથી ઉપર કરેલ તપસ્વીઓના ફોટા અત્રે પ્રગટ કર્યા છે. દરેક ધર્મ આરાધનાઓ કરેલ તપસ્વીઓની સમસ્ત મહાજન ભૂરી ભૂરી અનુમોદના કરે છે અને દરેક તપસ્વીઓ તપ આરાધના કરી ધર્મ ભાવ શિખર આરોહણ ઉન્નત કરેલ છે. આ ભાવ કાયમ પ્રર્વતક રહે એજ ઈચ્છીએ.



અશોક પદમશી નાગડા
(નવી મુંબઈ)
અષ્ટ સિદ્ધિ તપ


મોહિત અમિત શિયાલ
(જખૌ-ઘાટકોપર)
મહામૃત્યુંજય તપ


યશ વિપુલ લોડાયા
(સાંધવ-ભાંડુપ)
૯ ઉપવાસ


નલિન રતનશી ડાઘા
(થાણા-વરાડીયા)
૯ ઉપવાસ


સુનિતા ખિરેશ ડાઘા
(વરાડીયા)
૯ ઉપવાસ



જ્યોતિબેન મુરજી મોતા
(ઘાટકોપર-લાખણિયા)
૯ ઉપવાસ



રોહિણી કિર્તીભાઈ મોમાયા
(પુના-વરાડીયા)
૯ ઉપવાસ


પદમ લાલજી લોડાયા
(ડોંબિવલી)
૧૧ ઉપવાસ


પ્રિયંકા ધનપતિ નાગડા
(નલિયા-ગાંધીધામ)
સિદ્ધિતપ


પિંકેશ નવિન નાગડા
(નલિયા-મુલુંડ ચેકનાકા)
૧૬ ઉપવાસ


નિશાંત પંકજ લાપસીયા
(દલતુંગી-સાંતાક્રુઝ)
સિદ્ધિ તપ


દીપક ગંગાજર ડાઘા
(વરાડીયા-મુલુંડ)
૯ ઉપવાસ


શોભના અશોક નાગડા
(રંગપુર-નવી મુંબઈ)
વીસ વીહરમાન તપ

## ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

# મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં આબાલ વૃદ્ધો દ્વારા ઉગ્ર તપ આરાધનાઓ થઈ



તારિકા ગીરીશ લોડાયા
(સાયરા-હિંગોલી)
સિદ્ધિ તપ



રોશની સંતોષ મોમાયા
(ડોંબિવલી-વરાડીયા)
૯ ઉપવાસ



હર્ષાબેન ધનેશ ધરમશી
(સાંધાણ-વિરાર)
સિદ્ધિ તપ



ચંદન વિરચંદ મોતા
(ભાંડુપ-લાખણીયા)
૯ ઉપવાસ



ભાવના રૂપેશ નાગડા
(ભાંડુપ-લાલા)
વિજય મહાવિદેહ તપ



હિમાંશી નીરવ મોતા
(રાયધણજર-વડોદરા)
૯ ઉપવાસ



જુહી ચેતન નાગડા
(પરજાઉં-તીરપુર)
૧૧ ઉપવાસ



ખંજન અંકુર લોડાયા
(મોટી ખાવડી-ડોંબિવલી)
૧૧ ઉપવાસ



મમતા ઉમેશ લાલકા
(પરજાઉં-નિમચ)
ગીરનાર તપ



નીપા પરેશ છેડા
(સુથરી-મુલુંડ)
૧૦ ઉપવાસ



તારિકા ગીરીશ લોડાયા
(સાંયરા-હિંગોલી)
સિદ્ધિ તપ



ઉશ્મા પ્રજ્ઞેશ ગોસર
(બાંયઠ-અમદાવાદ)
૧૬ ઉપવાસ



ચેતન માણેકજી નાગડા
(પરજાઉં-તીરપુર)
વર્ષી તપ



મીનલ ચેતન નાગડા
(પરજાઉં-તીરપુર)
વર્ષી તપ




શિતલ જયકુમાર મોમાયા
(વરાડીયા-તીરપુર)
વર્ષી તપ





અંજના કલ્પેશ લોડાયા
(તેરા-મુલુંડ)
૯ ઉપવાસ



સતીષ હંસરાજ નાગડા
(પરજાઉં-તીરપુર)
વીસ વીહરમાન તપ



**વધુ યાદી અને ફોટા આવતા અંકમાં પ્રકાશિત કરવામાં આવશે**
**જેમણે પણ હજી સુધી યાદી કે ફોટા ન મોકલાવ્યા હોય તેઓ અમે આપેલ લીંક ઉપર મોકલી શકે છે**

# મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં આબાલ વૃદ્ધો દ્વારા ઉગ્ર તપ આરાધનાઓ થઈ તેની નામાવલિ

| નામ | ગામ | ઉપવાસ |
|---|---|---|
| સંજના જયેશ લોડાયા | કચ્છ-સોલાપુર | ૮ ઉપવાસ |
| યુવરાજ શરદ પોલડીયા | ગોએરસમા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| ઋષભ પાનપરિયા | વડોદરા | ૮ ઉપવાસ |
| મીનાક્ષી કિરીટ ડાઘા | વરાડીયા-મુલુંડ | ૮ ઉપવાસ |
| અનિતા જયેશ ખોના | સુથરી-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| ધનેશ સુર્યકાંત ધરમશી | સાંધાણ-વિરાર | ૮ ઉપવાસ |
| હેમાંગી વિપીન ખોના | સુથરી-મુલુંડ | ૮ ઉપવાસ |
| વિવેક વિપીન ખોના | સુથરી-મુલુંડ | ૮ ઉપવાસ |
| લીઝા વિપીન ખોના | સુથરી-મુલુંડ | ૮ ઉપવાસ |
| સ્તુતી મનોજ ધરમશી | ગોરખડી-મુલુંડ | ૮ ઉપવાસ |
| ચાર્મી દર્શન મૈશેરી | બાંડીયા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| સરીતા વિરેન મોતા | નલિયા-અંબરનાથ | ૮ ઉપવાસ |
| પલક મયુર નાગડા | પરજાઉં-તીરપુર | ૮ ઉપવાસ |
| સુયેશ રાજીવ મોમાયા | વરાડીયા-તીરપુર | ૮ ઉપવાસ |
| ધાર્મિક સમીર ધરમશી | જસાપર-મુલુંડ | ૮ ઉપવાસ |
| ભૈરવી ભરત લોડાયા | રાપર ગઢવારી-મુલુંડ | ૮ ઉપવાસ |
| રોમિલ ભરત લોડાયા | રાપર ગઢવારી-મુલુંડ | ૮ ઉપવાસ |
| ઝરણા પુશ્પક ખોના | સુજાપુર-માધાપર | ૮ ઉપવાસ |
| લીનાબેન પ્રવિણ લોડાયા | કોઠારા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| જયશ્રી નિતીન કુરુવા | અહમદનગર-પુના | ૮ ઉપવાસ |
| રિદ્ધિ કૌશલ લોડાયા | રવા-ઘાટકોપર | ૮ ઉપવાસ |
| પાર્થ નિરજ નાગડા | ખાંડવા-લાલા | ૮ ઉપવાસ |
| અનુજ ગિરીશ લોડાયા | રવા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| ધર્મિતા અનુજ લોડાયા | રવા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| ઉમંગ વિમલેશ માલદે | સેવક ભરૂડીયા-જામનગર | ૮ ઉપવાસ |
| મહેન્દ્ર ખેતશી પોલડીયા | બાયઠ-ઈંદોર | ૮ ઉપવાસ |
| મીનાક્ષી કિરીટ ડાઘા | વરાડીયા-મુલુંડ | ૮ ઉપવાસ |
| ધનેશ સૂર્યકાંત ધરમશી | સાંધાણ-વીરાર | ૮ ઉપવાસ |
| રિદ્ધિ કૌશલ લોડાયા | રવા-ઘાટકોપર | ૮ ઉપવાસ |
| કેતુલ ચંદ્રેશ લોડાયા | | ૮ ઉપવાસ |
| હિના દીપક ધરમશી | મોટી ખાવડી-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| ભારતી ગૌતમ દંડ | વરાડીયા-મુલુંડ | ૮ ઉપવાસ |
| રોહીન રતિલાલ ધુલ્લા | સુથરી-વડોદરા | ૮ ઉપવાસ |
| ચેતના હિતેશ મોમાયા | જખૌ-જલગાંવ | ૮ ઉપવાસ |
| સંજના જયેશ લોડાયા | નલિયા-સોલાપુર | ૮ ઉપવાસ |
| સોહમ નીરજ લોડાયા | સુથરી-ઘાટકોપર | ૯ ઉપવાસ |
| મીત ભાવેશ દંડ | સુથરી-ડોંબિવલી | ૮ ઉપવાસ |

| નામ | ગામ | ઉપવાસ |
|---|---|---|
| હર્શવી ઈંદિરા લોડાયા | બાંડીયા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| પ્રવિણા પ્રતાપ લોડાયા | વરાડીયા-કાંજુરમાર્ગ | ૮ ઉપવાસ |
| મનિષ પ્રવિણચંદ્ર કંકન | સાંધાણ-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| પાર્થ મનિષ કંકન | સાંધાણ-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| ધીરજ અજય દંડ | તેરા-પુના | ૮ ઉપવાસ |
| જયશ્રી નિતીન કુરુવા | અહિલ્યાનગર | ૮ ઉપવાસ |
| દર્શિત ભરત મોમાયા | સાયરા-હુબલી | ૮ ઉપવાસ |
| ધૈર્ય સમીર મોતા | સુથરી-ઘાટકોપર | ૮ ઉપવાસ |
| કેતલ સમીર મોતા | સુથરી | ૮ ઉપવાસ |
| જીયા રીતેશ નાગડા | | ૮ ઉપવાસ |
| અંકુર અનિલ વિકમશી | ખામગામ-વરાડીયા | ૯ ઉપવાસ |
| રતિલાલ શામજી મોમાયા | નાહુર-વરાડીયા | ૮ ઉપવાસ |
| કેવલ ગૌતમ મોમાયા | સાયરા-જામનગર | ૮ ઉપવાસ |
| સોમચંદ કલ્યાણજી દંડ | વરાડીયા-મલકાપુર | ૮ ઉપવાસ |
| ભુપેન કૌશલ લોડાયા | રાપર ગઢવારી-નવી મુંબઈ | ૮ ઉપવાસ |
| રિદ્ધિ કૌશલ લોડાયા | રવા-ઘાટકોપર | ૮ ઉપવાસ |
| નિરાલી કલ્પેશ શિયાળ | જખૌ-મુલુંડ | ૮ ઉપવાસ |
| હેતલ નિમીશ મૈશેરી | જખૌ-ઈંદોર | ૮ ઉપવાસ |
| નીતા અનિશ મોમાયા | જખૌ-મુલુંડ | ૮ ઉપવાસ |
| કમલેશ પ્રફુલ દંડ | સાંધવ-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| અનિલ હિરચંદ નાગડા | નલિયા-કોઈમ્બતુર | ૮ ઉપવાસ |
| નિતીન કુલીનકાંત લોડાયા | સાયરા-પુના | ૮ ઉપવાસ |
| અમિત કુમારપાળ ધરમશી | કોઠારા-ભુજ | ૮ ઉપવાસ |
| સપના નિતીન મૈશેરી | રાજકોટ-ગોધરા | ૮ ઉપવાસ |
| મૈથેલી શ્રેયાંસ નાગડા | કોઠારા-વડોદરા | ૮ ઉપવાસ |
| પિંકી અશ્વિન લોડાયા | લાલા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| નિર્મલ વીરચંદ દંડ | કોઠારા-મુલુંડ | ૮ ઉપવાસ |
| શીલા રતિલાલ મોમાયા | વરાડીયા-ભાંડુપ | ૮ ઉપવાસ |
| હેત મહેશ મોમાયા | બાંડીયા | ૮ ઉપવાસ |
| ખુશ્બુબેન ખંતિલ મોમાયા | વરાડીયા-ભાંડુપ | ૮ ઉપવાસ |
| ડૉ.રશ્મી કાર્તિક મોમાયા | વરાડીયા-કોઈમ્બતુર | ૮ ઉપવાસ |
| ખંતિલ ધનજી મોમાયા | વરાડીયા-ભાંડુપ | ૮ ઉપવાસ |
| પાર્થ જિલ્સ લોડાયા | કુવા પધ્ધર-કોપર ખૈરણા | ૮ ઉપવાસ |
| પલક દિપેશ ડાઘા | વરાડીયા-ભાંડુપ | ૮ ઉપવાસ |
| દિપેશ લહેરચંદ ડાઘા | વરાડીયા-ભાંડુપ | ૮ ઉપવાસ |
| હ્રિદાન કાર્તિક ખોના | જખૌ-નાહુર | ૮ ઉપવાસ |
| રતિકા ચિંતિન નાગડા | નલિયા-ડોંબિવલી | ૮ ઉપવાસ |

# શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમની લખપતિ સાધર્મિક પરિવાર યોજનાના મુખ્ય રત્નદાતા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમની લખપતિ સાધર્મિક પરિવાર યોજના અંતર્ગત ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી માતુશ્રી દેવકુવરબાઈ ડો.મેઘજીભાઈ ધરમશી ગોરખડી-તાડદેવ મુંબઈ હસ્તે ડો.ઉર્વશીબેન મેઘજીભાઈ ધરમશી, પ્રિયવંદાબેન મેઘજીભાઈ ધરમશી, વિધાતાબેન મેઘજીભાઈ ધરમશી તથા તક્ષશિલાબેન મેઘજીભાઈ ધરમશી એ રૂા.૨૫ લાખનું ઉદાર અનુદાન આપી મુખ્ય રત્નદાતા તરીકે આત્મીય સહાયક થયા છે. જ્ઞાતિજનોને પ્રત્યે બંધુત્વ ભાવ રાખી સામાન્ય સ્થિતિના પરિવારોની પીડાને પોતાની સમજનાર પરિવારની ઉદારભાવ સાથે ત્રિવાર અનુમોદના શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ કરે છે.






# શ્રી ચાલીસગામ સંઘમાં શ્રી કલ્પસૂત્ર પધરાવવાનો તથા વહોરાવવાનું લાભાર્થી પરિવારે લાભ લીધો





શ્રી ક.દ.ઓ.જૈન દેરાસર ટ્રસ્ટ ચાલીસગામ ખાતે ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ની પાવન નિશ્રામાં શ્રી કલ્પસૂત્ર પધરાવવાનો અને વોહરાવવાનો લાભ કોઠારા-ચાલીસગામ-વિદ્યાવિહારના માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા પરિવારએ ભવ્ય ભાવ સાથે લીધેલ.





## ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ તપસ્વીઓની નામાવલિ

**૯ ઉપવાસ**

યશ વિપુલ લોડાયા સાંધવ

**૮ ઉપવાસ**

હર્ષ ચેતન ગાલા - મહાદેવ કોટડી

ઓમ ભાવેશ સોની - સુથરી

લહેરચંદ દામજી લોડાયા - બાંડીયા

ગીતાબેન લહેરચંદ લોડાયા - બાંડીયા

કિરણ નારાણજી મોમાયા - સુથરી

શીલાબેન રતીલાલ મોમાયા - વરાડીયા

અનીલ ભવાનજી ધરમશી - બાયઠ

કેવીન અભય ડાઘા - વરાડીયા

ચારવીક નીતીન મોમાયા - વરાડીયા

દર્શના નીરમલ નાગડા - નલીયા

ગીરીશ શીવજી મૈશેરી - નાની સિંધોડી

ખંતીલ ધનજી મોમાયા - વરાડીયા

ખુશ્બુ ખંતીલ મોમાયા - વરાડીયા

નિર્મલ વિરચંદ દંડ - કોઠારા

દિપેશ લહેરચંદ ડાઘા - વરાડીયા

પલક દિપેશ ડાઘા - વરાડીયા

ચિરાગ પ્રવીણ લોડાયા - બાયઠ

તોરલ તીલેશ દંડ - સાંધવ

મીના કિરીટ ડાઘા - વરાડીયા

આરના પ્રિન્સ પ્રતાપ મોતા - રાયધણજર

હિમાંશુ ધીરેશ મુનવર - જખૌ

પંકજ ખીમજી ગોસર - બાયઠ

ધારા આકાશ લોડાયા - રવા


તમામ જૈન
ભાઈ-બહેનોને
મિચ્છામિ દુક્કડમ્
શુભેચ્છક
પ્રબોધ એચ. મુનવર
ટ્રસ્ટી
શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન

# શ્રી યવતમાલ અચલગચ્છ સંઘમાં ભવ્ય ધર્મભાવ સાથે શ્રી કલ્પસૂત્રનો વરઘોડો







શ્રી યવતમાલ અચલગચ્છ જૈન સંઘમાં કલ્પસૂત્રનો વરઘોડો ભવ્ય ધર્મ ભાવ સાથે સ્વ.શાહ દિનેશભાઈ લખમીચંદ લોડાયાના નિવાસ સ્થાનેથી કુંથુંનાથ જિનાલય પ્રતિ જવા નીકળ્યો હતો.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ૫া પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## કારંજા સંઘમાં શ્રી કલ્પસૂત્ર પોથી ઘરે પધરાવવાનો લાભ લાભાર્થી પરિવારે લીધો

શ્રી કારંજા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવનકારી નિશ્રામાં ખૂબજ સરસ રીતે ભાવપૂર્વક કલ્પસૂત્ર પોથી પધરાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. પોથીજી ઘરે પધરાવવાનો લાભ મણિકાન્તભાઈ શિવજી મોતા પરિવારે લીધેલ. ત્યારબાદ બીજા દિવસે જ્ઞાનની આરાધના ભવ્ય ભાવ સાથે કરવામાં આવેલ અને પોથીજીનું પૂજા કાર્ય ધર્મ આરાધના કરી પૂજ્ય શ્રી સાહેબને વોહરાવવામાં આવી અને પછી પોથી વાંચનનો પ્રારંભ થયો હતો. પોથી શ્રવણનો લાભ સંઘના શ્રાવક ભાવિકોએ લીધો હતો.







## શ્રી તીરૂપુર સંઘમાં પયુર્ષણ પર્વની ધર્મ આરાધનાઓ ઉલ્હાસભાવથી થઈ રહી છે

દક્ષિણ પ્રાંતના તીરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસરમાં પયુર્ષણ પર્વમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન સાધ્વીશ્રી પ.પૂ. ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિઠાણાની ભવ્ય સાંનિધ્યમાં ખૂબજ ઉલ્હાસપૂર્વક ધર્મ આરાધનાઓ ચાલી રહી છે. વિવિધ ધર્મ આરાધનાઓનો લાભ સંઘના ભાવિકોને મળી રહ્યો છે. કલ્પસૂત્ર પધરાવવાનો લાભ માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા પરિવારે લીધેલ.



# શ્રી વિરાર અચલગચ્છ જૈન સંઘમાં શ્રી કલ્પસૂત્ર ઘરે પધરાવવાનો અને રાત્રિ જાગરણનો કાર્યક્રમ થયો







શ્રી વિરાર અચલગચ્છ જૈન સંઘના ગીતા સ્મૃતિ ભવનમાં ચાતુર્માસાર્થે પધારેલા પ.પૂ.સાધ્વીશ્રી પરાર્થ ગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી હીરકગુણાશ્રીજી મ.સા.ની પુનિત સભર નિશ્રામાં શ્રી કલ્પસૂત્ર ઘરે વાજતે ગાજતે પધરાવવાનો અને રાત્રિ જાગરણનો કાર્યક્રમ થયો.

સ્વ.સૂર્યકાંત દામજી ધરમશી, માતુશ્રી માધુરીબેન સૂર્યકાંત ધરમશી પરિવાર સાંધાણએ લાભ લીધેલ.

## વરાડીયા તીર્થના તપસ્વીઓની નામાવલિ

**૧૧ ઉપવાસ**

પદમ લાલજી લોડાયા, ડોમ્બીવલી

**૯ ઉપવાસ**

દીપક ગંગાજર ડાઘા, મુલુંડ

સૌ. મણીબાઈ મધુકાંત પાસવીર મોમાયા, ભુજપુર

સૌ. રોહિણી કિર્તીકુમાર નેણશી મોમાયા, પુના

સૌ. ચિત્રા પદમ લાલજી લોડાયા, ડોમ્બીવલી

સૌ. જ્યોતી મુરજી નેણશી મોતા, લાખણીયા

સૌ. સુનિતા ખિરેશ શામજી ડાઘા, વરાડીયા

સૌ. મનિષા કિરણ સોમચંદ મોમાયા, પવઈ

**૮ ઉપવાસ**

રતિલાલ શામજી મોમાયા, નાહુર

નલિન રતનશી ડાઘા, થાણા

લિખેશ દામજી મોમાયા, અમદાવાદ

સૌરભ લાલકા, વરાડીયા

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya 2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper**


**http://www.kdosm.org**

**Address:**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી કાંજુરમાર્ગ સંઘમાં પર્યુષણ પર્વની ધર્મ આરાધનાઓ સૌના સાથથી ભવ્યતાથી થઈ











પર્યુષણ મહાપર્વની આરાધના કરાવવા કાંજુરમાર્ગ સંઘમાં પરમ પૂજ્ય સાધ્વી શ્રી વર્ધમાન તપો નિધિ પરમ પૂજ્ય વિશ્વ કીર્તિ શ્રીજી મહારાજ સાહેબની અનુમતિથી પરમ પૂજ્ય સાધ્વીશ્રીજી સંયમ પ્રિયા શ્રીજી મહારાજ સાહેબ પધાર્યા છે.

સંઘમાં દરરોજ રાઈ પ્રતિકમણ, ભક્તામર, વ્યાખ્યાન, દેવર્ષિક પ્રતિક્રમણ, રાત્રે ભક્તિભાવનાનો કાર્યક્રમ રાખવામાં આવે છે. કલ્પસૂત્ર પધરાવવાનો લાભ શ્રી પ્રફુલચંદ જેઠાભાઈ મોમાયા હસ્તે જલ્પા મોમાયા કાંજૂરમાર્ગ લાભ લીધેલ.

તેમજ પારણું પધરાવવાનો લાભ શ્રી વી ફ્રેન્ડ્સ યુવા મહિલા મંડળે લીધેલ.

મહાવીર સ્વપ્ન વાંચનના દિવસે સ્વપનનું કુલ ઘી ૧,૬૮,૮૩૬ મણ થયેલ આ પ્રસંગે મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી નયન ભેદા તથા ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્ર લોડાયા પધાર્યા હતા.

છઠના દિવસે સંઘની સા ધાર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે.

પર્યુષણ પર્વના અત્યાર સુધીના દિવસોમાં અનંતનાથજી કોમ્પલેક્ષના ભાઈઓ તથા બહેનોએ ખૂબજ ભાવપૂર્વક બધા કાર્યક્રમોમાં ભાગ લીધેલ.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, ભુજ દ્વારા આયોજિત પખાવાજ સાંજે ૬.૦૦ ક. થી: એકમ ભવન, ભુજ. |
| તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ | ડોંબિવલીના સમસ્ત જૈન સમાજની જૈન શાસનની શોભા યાત્રા સહ સાધર્મિક ભક્તિ |
| તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ | વાર્ષિક જનરલ મીટીંગ અને ચૈત્ય પરિપાટીમાં જતા યાત્રિકોની મીટીંગ |
| તા. ૨૦ સપ્ટેમ્બર થી ૨૩ સપ્ટેમ્બર | શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલીની રાજસ્થાન ચૈત્ય પરિપાટી |
| તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી મહાકાળી માતાજીની ભાવના |
| તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | સ્નેહ મિલન, સાધર્મિક ભક્તિ સહ તપસ્વીઓનું બહુમાન હોરાઈઝન હૉલ, ડોંબિવલી (પૂર્વ) |
| તા. ૭ થી ૯ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન-વારાપધર સ્થાને |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવ મુહૂર્ત |

# સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની છાયામાં
# પર્યુષણ મહાપર્વનો અતિ ઉત્સાહભેર પ્રારંભ

સાંધવ નગરે શાંતિનાથ દાદાની અસીમ કૃપાથી પ.પૂ.સાધ્વી નંદીવર્ધનાશ્રી મ.સા.ની શુભનિશ્રામાં શ્રી સાંધવ જૈન સંઘ મુંબઈથી ગુરૂવાર, તા.૨૯ ઓગસ્ટ ૨૦૨૪ના પ્રસ્થાન કરી તા.૩૦ ઓગસ્ટ શુક્રવારના ગાંધીધામ સ્ટેશન પધારેલ જ્યાં નવકારશી કરવાનો લાભ માતુશ્રી કાંતાબેન આણંદજી ખોના પરિવાર લીધેલ. ભુજથી સાંધવ બસનો લાભ માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવારે લીધેલ. મુંબઈથી ટ્રેન ટીકીટના લાભાર્થી પરિવાર શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવારે લીધેલ. ટ્રેન અને બસ પ્રવાસ કરી કુલ્લ ૭૫ જણા સુખરૂપ રીતે સાંધવ પધારેલ.

ભરચક વરસાદ રસ્તામાં ઠેર ઠેર પાણી ભરેલા હતા. આવી પરિસ્થિતિમાં નાયરો નદી બેં કાંઠા વહી રહી હતી. છતા પણ સર્વે સંઘ ફરી કરીને હેમખેમ સાંધવ પહોંચી આવેલ. ચાર દિવસ લાઈટ પાણી બંધ હોવાથી પણ કોઈ તકલીફ થયેલ નહીં. કલ્પસૂત્ર ઘરે પધરાવવાનું લાભ ૫૫૫૫ મણમાં માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ પરિવાર લાભ લીધેલ. એકમના કલ્પસૂત્ર વહોરાવવાનું લાભ પરમ, ખુશી, કાયરા હ.માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ, ૪૫૦૧ મણમાં લાભ લીધેલ.

૨૦૦ જણની સંખ્યામાં પર્વની આરાધના કરવા આરાધકો પધારેલ. સારી સંખ્યામાં આરાધના થઈ રહી છે. તપની તપસ્યામાં માસક્ષમણ, ૨૨ ઉપવાસ, ૨૧ ઉપવાસ, ૧૬ ભતા અઠાઈ અઠમ ૩૦ જણાની સંખ્યામાં થઈ રહી છે.

# પર્યુષણ પર્વ વર્ષ ૨૦૨૪ : તપસ્વીઓએ ગુગલ ફોર્મ ભરી માહિતી મોકલવા વિનંતી

પર્યુષણ પર્વ શરૂ થઈ ગયા છે અને દરેકે દરેક નગર સંઘોમાં વિવિધ પ્રકારની તપશ્ચર્યા થઈ રહી હશે. સર્વે તપસ્વીઓની શાતા ઈચ્છીએ છીએ. આઠ અને વધુ ઉપવાસ કરનાર દરેક વયના તપસ્વીઓએ નીચે આપેલ ગુગલ લિંક ક્લિક કરી સંપૂર્ણ માહિતી ભરી. ફોટા સાથે મોકલશો. જે જ્ઞાતિમૈયામાં નિઃશુલ્ક પ્રકાશિત કરીશું.

**ખાસ નોંધ : ૧૦ વર્ષથી નાની વયના તપસ્વીઓના નામ સાથે ફોટા પ્રગટ કરાશે. ૧૦ વર્ષથી વધુ વયના ૮ ઉપવાસ કરેલ તપસ્વીઓની માત્ર નામાવલી પ્રગટ કરાશે. ૯ ઉપવાસ કે તેથી વધુ તપસ્યા કરેલ તપસ્વીઓ ના ફોટો પ્રગટ કરાશે.**

**વિશેષ વિગત માટે સંપર્ક મનીષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪,**
**વર્ષા લોડાયા-૯૮૩૩૦૭૨૮૭૯**



**અહીં કલીક કરો અને ફોર્મ ભરો**

# ધ્રોસટ વરસાદે અબડાસા પંથકમાં કપાસના પાકની તેમજ રસ્તા, વીજ લાઈનની ભારી નુકસાની કરી

અબડાસામાં આ સિઝનમાં અંદાજિત ૪૦ ઇંચ જેવો વરસાદ થઈ ચૂક્યો છે અને અનરાધાર વરસાદ અને વાવાઝોડાંની અસરથી અબડાસાના કપાસના પાકનો સોથ વળી ગયો છે. લગભગ ૮૦ ટકા કપાસનું આ તાલુકામાં ધોવાણ થઈ ગયું છે અને કરોડોનું નુકસાન આ વિસ્તારમાં કપાસનું વાવેતર કરનાર ખેડૂતોને માથે હાથ દઇ બેસવાનો વારો આવ્યો છે.

અબડાસામાં વરસાદે પાણીનો ભરપૂર જથ્થો આપી લીલાલેર કરાવી નાખી, સાથે ખેતીમાં ખેડૂતોને ફટકો પડ્યો છે. સૌથી મોટા તાલુકાની ગણના થાય છે એવા આ તાલુકામાં અંદાજિત દર વર્ષે એક લાખ

એકરમાં ખેડૂતો કપાસનું વાવેતર કરતા હોય છે, જેનામાં કોઠારા વિસ્તાર, ડુમરા વિસ્તાર, વિંઝાણ, વાંકુ, વાડાપદ્ધર, લાલા, સિંધોડી, ગઢવાડા, ધનાવાડા, કનકપર, વાયોર જેવા અનેક વિસ્તારોમાં વાવેતર કરવામાં આવ્યું છે. અબડાસા એટલે જ કપાસના હબ તરીકે જાણીતો છે.

ખેતીવાડીને થયેલ નુકસાન ઉપરાંત પાણી ભરાવવાને કારણે અનેક ગામોમાં પાણી અંદર સુધી ઘુસી આવ્યા હતા. જેને લીધે ઘર સામાન વખરીને ઘણું નુકસાન ભોગવવું પડ્યું છે. રાજ્ય માર્ગ ઠેકઠેકાણે ધોવાઈ ગયાં છે. તો કાચા રસ્તા, પુલીયાઓમાં ભંગાણ પડ્યાં છે. વીજ થાંભલા, વીજ લાઈનોને નુકસાન થવાથી અનેક ગામોમાં દિવસો સુધી અંધારપટ રહ્યું હતું. નદી, ડેમ, તળાવ ઓવરફ્લો થવાથી જનજીવનને ઘણું સહન કરવું પડ્યું છે. અતિવૃષ્ટિ પર્યુષણના પ્રારંભે જ થઈ હોવાથી બહારગામની ટ્રેનો, બસોના શેડ્યુઅલ બદલાઈ ગયા હતા જેથી માદરે વતન જતાં લોકો રસ્તામાં અટવાઈ ગયા હતા ને હેરાન થઈ ગંતવ્ય સ્થાને પહોંચ્યા હતાં.


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : વિરચંદ કુંવરજી લાલકા (વારાપધ્ધર-કચ્છ)**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● અબડાસા તાલુકાના નલિયા ખાતે મંજૂર થયેલી સરકારી કોલેજ માટે મકાનની વ્યવસ્થા નથી. પરંતુ આગામી એક વર્ષ માટે નવું સત્ર શરુ કરવા માટે મોડેલ સ્કૂલમાં કોલેજ શરુ કરવા શિક્ષણ વિભાગ તરફથી મંજૂરી આપવામાં આવતા અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજા શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોરનો આભાર માનવા રુબરુ ગાંધીનગર પહોંચ્યા હતા. આમ ચાલુ વર્ષથી કોલેજનું શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થતાં લોકોમાં હર્ષની લાગણી થઈ રહી છે.

● માધાપરમાં છેલ્લા ૧૨ વર્ષથી શ્વાનોનો જઠરાગ્નિ ઠારવાનો ઉત્તમ પ્રયાસ થઈ રહ્યો છે. ગંગેશ્વર મંદિરમાં હાથેથી બનાવેલા દરરોજ ૧૫૦૦ રોટલા કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના પ્રમુખ અને અનેક સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા વિનોદભાઈ સોલંકી દ્વારા સેવાકીય ખર્ચ કરીને અપાય છે. આજે ૯૦ કિલો, આઠ કિલો તેલ અને પાંચ કિલો અડદનો લોટનો ઉપયોગ દરરોજ સાંજે ચાર વાગ્યે ૨૦ થી ૨૫ કાર્યકર ભાઈ બહેનો નિસ્વાર્થ સેવાથી સેવા કરવા પહોંચી આવે છે. મશીન દ્વારા લોટ તેલના મોણ સાથે બાંધવામાં આવે છે. ત્રણ ચૂલા પર લાકડા સળગાવી તવા મૂકી બહેનો રોટલા વણે છે. ભાઈઓ પકાવે છે બીજી કાર્યકર તેલ લગાવી થપ્પા કરી પેકિંગ કરે છે. આમ રોજે રોજે ૧૫૦૦ થી ૧૬૦૦ રોટલા આસપાસના વિસ્તારમાં શ્વાનોને સેવાકીય કાર્યકર ભાઈઓ ટુકડા કરી આપે છે.

● કચ્છ જિલ્લા દરિયાઈ સીમા વિસ્તારના સિરક્રીક અને કોરી ક્રીક વિસ્તારના આઈલેન્ડને વિકસાવવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરાયો છે. રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા આ વિસ્તારને પ્રવાસી સ્થળ તરીકે રૂ.૨૫૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે એવું ગાંધીનગર ખાતે પ્રવાસન અને વન વિભાગના મંત્રી મૂળુ બેરાએ જણાવ્યું હતું. એરિયાનું વાવેતર ઉપરાંત પ્રવાસીઓને આકર્ષવા માટે બર્ડ વોચિંગ ટાવર, દરિયાઈ જીવ સૃષ્ટિનો પરિચય, એડવેન્ચર, બોટ રાઈટ જેવી સુવિધા ઊભી કરવામાં આવશે. મરીન ઈન્ટરપ્રિટેશન, સેન્ટર, ઈન્ફર્મેશન સેન્ટર, પ્રાથમિક આરોગ્ય સારવાર હેલિપેડ, બીએસએફ ઈન્ટરકેશન ફેસિલિટી, ભૂંગા, રિસોર્ટ, એડવેન્ચર પાર્ક, નેચર ટ્રેઈલેસ જેવા કાર્યો ઊભારાશે. જે પૈકી પ્રથમ તબક્કાની કામગીરી માટે રૂ.૫૦ કરોડની ફાળવણી કરી દેવામાં આવી હોવાની માહિતી પણ આપી હતી.

● નવી મુંબઈના વાશીના સીડકો એડિઝબીશન સેન્ટરમાં હરિઓમ પરિવાર દ્વારા કચ્છી સંત પૂ.હરિદાસજી મહારાજની હાજરીમાં ગુરુપૂર્ણિમાના પ્રકાશ પર્વે મોટી સંખ્યામાં પધારેલા ભક્તોને આશીવર્ચન આપી આગામી દિવસોમાં સમાજપયોગી પ્રકલ્પોની જાહેરાત કરી હતી. જેમાં મુંબઈમાં વસતા કચ્છી ભાનુશાલી સમાજના ઘરવિહોણા પરિવારો માટે દાતા પરિવારના સહયોગથી ૪૦૦ ફ્લેટ બનાવવાની જાહેરાત કરી હતી. પ્રથમ તબક્કે ડોંબિવલી પાસે ૨૨૫ ફ્લેટ માત્ર ૨૦ લાખમાં અપાશે. તે ઉપરાંત સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિના ઘર વિહાણો પરિવારોને ૫૦ ફ્લેટ આપવામાં આવશે એવી ઘોષણા કરી હતી. મુલુંડમાં સારસ્વત બ્રાહ્મણ સમાજવાડી પુનઃનિર્માણ માટે જ્ઞાતિના મોવડી રાહુલભાઈ જોષી, કૌશિકભાઈ જોષી પાસેથી રૂ.૧૫ કરોડનું વચન લઈ હરિઓમ પરિવાર તરફથી રુ.૧ કરોડ આપવાની જાહેરાત કરી હતી.

● કચ્છના ખાવડામાં ૩૦ હજાર મેગાવોટ (૩૦ ગિગાવોટ) ક્ષમતાના દુનિયાના સૌથી વિશાળ રિન્યુએબલ એનર્જી પ્લાન્ટમાંથી ૨૫૦ મોગાવોટની પવન ઊર્જા ક્ષમતાનું સંચાલન શરૂ કરી દીધા હોવાનું અદાણી ગ્રીન એનર્જી લિ.એ જણાવ્યું હતું. આ સાથે જ ખાવડા રિન્યૂએબલ એનર્જી પાર્કની ઉત્પાદન ક્ષમતા ૨૨૫૦ મેગાવોટની થઈ છે. અદાણી એનર્જી એ ખાવડાના ઉજ્જડ પડતર જમીનને સ્વચ્છ અને સસ્તી ઉર્જા પેદા કરવાના હબમાં પરિવર્તિત કરી છે. ખાવડાના પ્લાન્ટમાં ઉત્પાદિત ઊર્જા પ્લાન દર વર્ષે ૧.૬૧ કરોડ ઘરને વીજળી આપી શકે છે. દુનિયાનો આ સૌથી મોટો રિન્યુએબલ ઊર્જા પ્લાન્ટ વૈશ્વિક ડી કાર્બનાઈઝેશનના પ્રયાસને વધારે છે.




insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA